શમદમ સુધારો ગુણ ગ્રહી, મક્કમ મન સિદ્ધિ,
ઉપશમ વિવેક સંવરે, વાંચો. જૈનરિદ્ધિ.

॥ ॐ सद्गुरु ॥

# જૈનરિદ્ધિ

# JAINRIDHI

— દોહા —

આ ધર્મની વેલડી, રોપી ઋષભજીનંદ
જૈનરિદ્ધિ મંડપ ચઢી, સિંચીભરત નરિંદ. ૧
ક્ષમાસાર ચંદનરસે, સિંચો ચિત્ત પવિત્ત
દયા વેલ મંડપ તળે, રહોલેહો સુખ મિત્ત. ૨
જનની જણજે ભક્ત. કાં દાતા કાં શૂર
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર. ૩


લેખક અને પ્રકાશક
જૈનાચાર્ય શ્રી જીનયશસૂરિજી પ્રશિષ્ય-
પ્રસિદ્ધવક્તા શ્રી મનોહરમુનિજી મહારાજ



વીર સં. ૨૪૫૫ વિક્રમ સં. ૧૯૮૫

વિજયાદશમી-મુ. ભાલેજ

મુલ્ય-ભેટ

# શ્રી રૂષભજીન સ્તવન

( રાગ–ભરતને પાટે ભૂપતિ–શ્યામ કલ્યાણ–ઠુમરી )

ન દુર કર આ સેવકને રાખ હજુર ચિરકાલ–હો. દાદા,
દયા વિન દાસ દુઃખી દીન, પીડે જગ જંજાળ–હો. દાદા–તાત ન. ૧

ા બન્યુ મોહ માયા મદમાં, ચંચલ ચિત્ત ચંડાલ–હો. દાદા,
ેપ રંગે રમણિ સંગે, રાચી રમ્યો બેફાલ–હો. દાદા–તાત ન. ૨

ધર્મ ન ધાર્યો આ ભવ હાર્યો, બની ગયો કંગાલ–હો. દાદા,
પાપ પંકે ખુંચ્યો કુસંગે, કરૂણા કરી નિકાલ–હો. દાદા–તાત ન. ૩

મારે તું એક ત્હારે અનેક, કરજો કીમપી ખ્યાલ–હો. દાદા,
પાંમર પ્રાણી મુજને જાણી, ફીકરકો કર ઝાલ–હો. દાદા–તાત ન. ૪

તું અજરામર વિભુ શીવશંકર, ત્રી જગજન કૃપાલ–હો. દાદા,
આદિ જીનંદા નાભિ સુનંદા, પ્રથમ મુનિંદ ભૂપાલ–હો. દાદા–તાત ન. ૫

શ્રી અષ્ટાપદ પહોત્યા શીવસદ, આપ સગુણ ગણ થાળ–હો. દાદા,
આદિ સુંદર ચર વિનવે મનોહર, ભવ ભય સંકટ ટાળ–હો. દાદા–તાત ન. ૬

—: ઇતિ :—

## દોહા.

ફીકર સબકો ખાગઇ, ફીકર સબકા પીર
ફીકરકી ફાકી કરે, સોઇ એક ફકીર. ૧

ચારા ચુકે બારા ભુલે, ન જાણે છુકાય નામ,
ગામ ઢંઢેરા ફેરવે, શ્રાવક મારૂ નામ. ૨

ધન ચાહે તો ધર્મ કર, ધર્મ વિના ધન નહિ હોય,
પાણી વલોવ્યા ઘી નીકળે તો, લુખે ન જીમે કોય. ૩

—: ભેટ :—

ભાસૈજના શેઠ છોટાલાલ મગનલાલ કપાસીઆવાલા તરફથી–આ–જૈનરિદ્ધિ ેયા છે. તે સમ્યાનંદે તેમનું મુબારક નામ પ્રગટ કરી પૂર્ણ પ્રેમ આશિર્વાદથી

—લેખક

( પ્રાતઃ સ્મર્ણિય શ્રી મોહનલાલજી ગુરૂભ્યોનમઃ )

ॐ अर्हम्

# જૈનરિદ્ધિ

बुद्धेः फलंतत्व विचारणं च,
देहस्य सारं वृत धारणं च,
वितस्य सारं किलपात्र दानम्
वचनं फलं प्रितिकरं नराणाम् ॥१॥

**અર્થઃ**– મનુષ્યોની બુદ્ધિનું ફલ તત્વનો વિચાર કરવો, દેહનું ફલ ઉંચ વૃત ધારણ કરવું, ધનનું ફળ સુપાત્રે દાન દેવું, અને વાણીનું ફળ પ્રિતિકારક બોલવું તે છે. ૧

લે. પ્ર. પ્રસિદ્ધવકતા શ્રી મનોહરમુનિજી મહારાજ

## સુધારકજીવન અને કાવતરાની કમાણીના તાજવાનું તોલ.

સમયની સદીના ચાપાણી, બિસ્કૅટ, વાસકૅટ વાળ અને ઘરેણામાં ઘડીઆળના તકલાદી શોખોની શોભીનાઈથી પોતાને સુધરેલા માનતા સુધારકો પુષ્કળ પાકયા છે.

ગુણ ધર્મ વગર પોતાને સાચા સુધારક ઓળખવા–પોતાના–ધોતિઆ, કોટ, પાટલુન ને સવાલ જવાબ ઘણા ચોકખા રાખે છે. બુટ, બટન તેથીએ ચળકતા રાખે છે. એવા બધા નિત્ય નિયમોની સવારે ઉઠતા જ સીગારેટ ચુસતાં જાતા સરસ સેવા સાચવે છે. અને બાકીના ગુણ ધર્મ નિયમો ખુમારીની ખીટીએ ટાંગે છે. માત્ર પીળા ચાંદલાથી કપાળ ઢાંકે છે.

સુધારક તરીકે જગતને જણાવવા, તેમજ કબુલ કરાવવા–બોલવામાં, ચાલવામાં, પોજીસણ સંભાળવામાં, હરેકનો મેળ મેળવવામાં, સભાઓ ભરવામાં, ઉભા થઇ લૅકચર લલકારવામાં, પોતાના સંસાર જીવનની શોભા સમજાવવામાં, સતયુગના ચરિત્રોને શરમાવે તેવો પાઠ ભજવી બતાવે છે.

એ સુધારકોની સફાઇ, સેખાઇ, માયાવિ મૃદુતા ને સમવૃત્તિનો ડોળ દરીઆને પણ દબાવી નાખે તેવો ભપકો ભજવે છે, આ ભપકાના તેજમાં ભલભલાને ભ્રમમાં નાખી–ચર્ચા ચર્ચી, વાદાવાદી, ચડસાચડસી, ઝગડા, ઝગડી, નીંદા નીંદી, ગામે ગામ કુટા કુટી કરાવી આખર સજ્જન ધર્મીઓને પથરા મરાવીને એ સુધારકો સમાજને સરકારી પિનલ કૉડના પાઠ પઢાવે છે. પાંજરે ગઢાવે છે; સુધારકના કાવાદાવાના છાપા છાપી માં લાખો રકમો ફના કરાવે છે, છેવટ લાગ લાગે તો સોનેરી ટોળીને પણ શરમાવે, તેમ ઉડાવે છે. અને તેમની તમામ પેઢીઓના નામ બોળે તેવા સાધુ શ્રાવકની નીંદાના પુસ્તક છપાવી તેમના કોહેલા કાળજાના કાદવથી સમાજને ગંધાવે છે.

એવા સુધારકોના સુબા સાહેબ બનવા બમણા બાજીગર સુધારકો–સુધારકનો સોંગ દેખાડી જાહેર છાપાનો ધંધો કરે છે. છાપાની છાપ પાડવા

**લે. પ્ર. પ્રસિદ્ધવક્તા શ્રી મનોહરમુનિજી મહારાજ**

સતયુગ જેવી અક્કલ ભર્યા માત્ર અગ્ર લેખો છાપે, બાકી પોતાનું કપાળને કલમ–કાવતરાંબાજી બનાવી હરકોઇના, ખોટા ખારીલા, કોઇ રીતે ઉતારી પાડનારા સામાની જીંદગી રદ કરનારા, આબરૂ ડરામણીના લખાણો લખી તેમ લખવાની ધમકી આપી લાગ ફાવે તેવાઓની કનેથી હજારો રૂપીઆ હોઇઆં કરે છે.

તેવા જાળ ફાંસા જોડવામાં પેક બનેલા સુધારકોને છુપી રીતે મદદગાર રાખે; તેમની દરેક રીત પોષે, તેમના તંગડીઆ દાદાગીર ચીંથરા જેવા સમાચારો સરસ રીતે છાપે, ઉલટ ઉત્તરોમાં તેમનો બધી રીતે બચાવ કરે; સામાના સરસ ખુલાસાઓને ચીંથરા સમાન કરી સુધારકની આબરૂ માટે એક બે વાકયો જાહેર કરીને સમભાવ દેખાડે! બાકીનું સુધરેલ સફાઇએ સંતાડે.

તેમના ગજવા ના ભરાય તો કલમબાજ-પણાથી ગમે તેવા ગુણીજનોને ગમાર, બેવકુફ, દુરાચારી, પાખંડી, તુચ્છ, સમાજમાંથી ઉતરી ગએલો બનાવે. કાવતરાની કલમથી ત્રીજા ઠેકાણે (અન્ય પેપરમાં) તેમની જુક્તિ જમાવે, છુપા રહી ચર્ચા ઉઠાવે, ફાવેતેમ સળગાવે, ઝગડા જમાવે, તેમના કર્મ જેવા કોલમો લખી કાયર બનાવે, ચળવળીઆ થઈ સતાવે અને ભલા ભલા સુસાધુ મુનિ મહારાજોને પણ નમસ્કાર કરાવે.—

તેમના જડબાતોડ લખાનોના ભભકાથી ભ્રમમાં ભૂલી પડેલી સમાજને સ્વયંદીઆ વાંચનના વ્યસની બનાવી સંસ્કારી શ્રદ્ધા, શાન્તિ, ક્ષમા, સરલતામાં ચમકાઇ–ચુકાઇને વધારે ભ્રમમાં સુલા પાડી સમાજને ચકરમના ચકરે ચઢાવે છે. અને પોતાના છાપાનો ધમધોકાર ધંધો ફેલાવે, એમ પૈસા પડાવે, એટલે સમાજને ચકલાં બનાવી નીજ દાનતના દાણા ચુગાવે, કીકીઆરી કરાવીને સુધરેલ છાપાવાલા કલદાર કમાવે, પોતાની સેખાઇના છેલસુપાટાથી સુંદરીઓ હસાવે. નિયમ વગર રાત દિવસ દંશક ઉડાવે, અને સદાચારેમાં ગુંઝકા બાજીના અખાડા જમાવે, છતાં તે છાપાના આધિપતિઓ અને તેમના જાન ફાંસાના મદદગારો સમાજના હાવકા સુધારક બની જાવે, તેમ કહેવરાવે. તેમજ પોતાને ઓળખાવે.

આવા સુધારક સોંગના અધિપતિઓની અને તેમના મદદગારોની દાનતની જડતી કોણ જોવે, તેમના ગુણ ધર્મ કોણ પારખે ને પુછે. સુધરેલા સુધારકો સામે છેવટ બધા ચકર ખાઇ ચુપજ રહે.

આવા સુધારકો અને સુધારક સોંગના છાપાઓ સમાજને સુધારે છે. કે–શરમભરી રીતે શડાવે છે. તે ગણિતસાર, આત્મવિશ્વાસી અટળ શ્રદ્ધાળુ સરળ સમજદાર–સજ્જન સરદારોજ સમજી શકે. બાકી ચકરમના ચક્રરે ચઢેલા ચમકીજ શકે.

આવા સુધારકોની ચાલ બાજીથી સમાજ સડતો જાય છે. તેવાઓની સોબત–સમાગમ–સલાહથી સુગુણી સાધુ મુનિરાજો શરમભર્યા સંડોવાતા જાય છે, રગડા ઝગડા નવનવા જીવતા થાય છે. ગામે ગામ કુસંપો કમરકસી કુદતા જાય છે. અને ગુણ ધર્મ સંસ્કારથી, વસ્તીથી, પૈસાથી, પ્રમાણિક પોજીસણથી, સમાજ સુકાતો જાય છે.

વિનય વિવેક વગરની સ્વતંત્રતા તે સ્વતંત્રતા નહિ પણ સ્વછંદતા છે તે સ્વછંદતાને પોતાના તોરથી સ્વતંત્રતા માની સુધારક બની બેસવું તે ‘ કાવતરાની કમાણીના ત્રાજવાનું તોલ છે. ’ તેવા તોલે સમાજે તોલાય નહિ. તેમ તોલનારા બોલનારાથી છેતરાય નહિ અને સમાજનું સત્વર શ્રેય થાય એમ ઇચ્છી વિરમું છું. ૐ શાંન્તિ.

લે. પ્ર. પ્રસિદ્ધવકતા શ્રી મનોહરમુનિજી મહારાજ

# સુધારક ભાગ ૧

## સુધારકનો સમાગમ–તાલંબાજી વિજળી–મારો ઉત્તર અને હું કોણ માત્ર.

સુરત મહા માસમાં એક સુધારક મળ્યો, ઉપાશ્રયમાં અમો છ સાધુ હતા. તે સુધારકે ચોપાટીની છેલાઇ કરતા સરસ સફાઇએ સમાગમ કર્યો, પંદર દિવસ સમક્ષ હતા ત્યાં લગી ભક્તિ, ભલાઇ ને સાદાઇ સીધી સાચવી. ' જ્યારે જ્યારે ગજવા માટે કહેતો '–તેમાં હું બહેરો થતો, જ્યારે સુરતથી મેં વિહાર કર્યો કે તેના સુખાની સત્તા લઇ દાનત સાધવા મારી કેડ પડ્યો. અને સુરતનો ખબરપત્રી બની–' પોલ પત્રિકા ' ગાંડિવ વગેરે સદિના સુધારક છાપામાં ' શ્રી. મોહનલાલજીના સંઘાડામાં શ્રી. મનોહર મુનિના પાખંડો, દિક્ષા તજી દીધી છે, સંસારી બની ખમીસ કોટ ને ધોતીઆ પહેરી ફરે છે.' વિગેરે વિચિત્ર અંધ આક્ષેપોની પ્રચંડ ગરજના કરી, કાવાદાવાના કનોહલ કલીયર કર્યા અને ટંકશાળીઆ માટે તાલંબાજી વિજળી સળગાવી મૂકી.

છતા શાકા ના અપાવ્યા, મે અડગ રહી ઉત્તર આપ્યો જે ' એક માસથી મારો મુકામ ઝઘડિયા છે, પૂજા, આંગી, ભાવના આસારા થાય છે. ચૈત્રી પુનમે હજારો જાત્રાળુની મેદની વચ્ચે મેં જાતે પૂજા ભણાવી છે. તે જગજાહેર છે, સુરતના શેઠ નેમચંદ નાથા નજીકજ બેઠા હતા. આ ખુલાસાથી ઉપરની બીના કેટલા ગંદા કચરાવાલી છે, ખબરપત્રી કેટલો જંગલી જુઠો જુસ્સો વાપરે છે. તે તાલંબાજોની કીંમત કદરદાનોજ કરશે.

હું તો એક સામાન્ય મુનિ છું–મહોપાધ્યાય દેવ વિજયજી, મહોપાધ્યાય મંગલ વિજયજી, વિજય મોહનસૂરિ, આગમોદ્ધારક સાગરાનંદસૂરિ, શ્રી વિજયેંદ્રસૂરિ, જયસૂરિ, મુનિરાજશ્રી વિદ્યાવિજયજી વગેરે મહાપૂજ્ય મનાતા–ગણાતા મહા મુનિરાજોની સૌથી હલકા–અબોલા નગ્ન શબ્દોએ લાંબા લખાણોથી ઘણી રીતે નિર્લજ–કુછંદી પારાવાર ટીકાઓ કરી છે અને ૪જેતીમાં તેમના ફોટા છાપ્યા છે, 'તો હું કોણ માત્ર?' અને મારી માફક આ મહાત્માઓની ટીકાઓ. ફજેતીઓ કેટલી વજનદાર માનવી તે પોલનો તોલ સુજ્ઞ વાચકોને સોંપું છું.

### તાજે તાજા કલમ

તે સુધારકનો દેખાવ–છાપાવાલાના સંબંધને લીધે શોખાઇમાં છકેલો, સમાચાર બાતમી સુધરેલા શબ્દોમાં જમાવી લખતો હોવાથી સત્તાની સફાઇમાં માતેલો, સાધુઓને ચકલા ગણતો, મર્મમાં મશ્કરી બનાવતો, મર્મ મદમાતો જણાતો હતો.

તેની ચુચી આંખ, તાણી પહેરેલી નંગટી, બોતેર બુદ્ધિએ બાડો, હીંગણો, ડોકમાં ડાવકો, કુંડાળે રમનારો, ડુંગરને દરીએ ડુબાડનાર, ગીરધારી, ટોપી ધારી અને બુદ્ધા બરાબરચી જેવો દેખાતો હતો, ' તેની બોલતાં થાતી ચુચી આંખો હજી મને યાદ આવે છે ને હૈયું હસાવે છે.'

# સુધારક ભાગ ૨

## બીજો સુધારક–સુધારો કરેલું છાપું–અને મારો બીજો ઉત્તર.

* મારો પહેલો ઉત્તર લખતો તો–તેવામાં કાવતરામાનો બીજો સુધારક પોતાની તાલંબાજીની તાસીર જોવા ઝંઘડિઆ આવ્યો મૃદુતાથી મને મળ્યો, તાસીરની અસર દીઠી નહિ. સવાલ જવાબ ઘણા થયા, સહેજ ચમક્યો ને ચાર કલાક રહી ગયો.

થોડા દિવસમાં મારા સંબંધી ઉદ્ધતાઇથી સુધારો કરેલું છાપું આવ્યું, જેમાં પ્રથમ આગમોદ્ધારક સાગરાનંદ સૂરિનો ફોટો હતો, તે ફોટા નીચે સૂરિની બે ફાગ ફજેતીના ફાળકા લખ્યા હતા, વાંચી હું તો દિંગ્ થયો, મારી બીના સુધારવામાં કોઈ સુધારકનું નામ નહોતું–મેં તો છાપાના સાહેબનેજ ચાલુ કલમે બીજો ઉત્તર લખ્યો.

જે–તે ગઢીઆનો ગુન્હો તો સુધારો કરતાં સમાઇ જાય કેમ ? ? ? પોતાની પોલ પત્રિકાનો અંક ૩૫–૩૬ બીજી આવૃતિમાં ઉંગમાંથી ઊઠી મીયાં ટાંગ ઉંચી રાખતાં ' દિક્ષા તજી દીધાની હકીકત સાચી નથી ' એમ આડકતરો મારી દિક્ષા સંબંધી સુધારો કરે છે. તેમનો ગુન્હો તો સુધારો કરતાં સમજાઇ જાય કેમ ? આવા ન્યાયાધિશોથી ન્યાયની અદાલત નગ્ન છે. આવા ગઢીઆના ઘરમાંજ ગોટાળા દેખાય છે. તેમની દાનત તેવું લખાઇ પેલામાં છપાય છે. અને પેટ ભરવા સદીની સુધારક બાજીનો ધંધો થાય છે.

મી. નાગરદાસ ગઢીઆ પ્રથમ તમો તમારા પત્રમાં સરસ સભ્યતાથી અને મારી સમક્ષ આવી તમારા જાહેરમાં જીવતા ગુન્હાની ગુન્હેગાર તરીકે માફી માગો, પછી તમારા અંક ૩૨ માંના આંધલા આક્ષેપોની તમામ હકીકતનો વેદ મંત્રથી હવન કરવા અનેક સુકલ તૈયાર છે. દિક્ષા તજી ખમીસ, કોટ ને ધોતીઆં પહેરી ફરે છે એમ મને છેવટનો નાગો બનાવ્યો. તેથી અંક ૩૨ ની બીના વધારે વજનદાર નથી.

મનોહરમુનિ ધોબીઓના હીચકારાથી જરા પણ ડરનાર કે ગભરાનાર નથી. ઇ. સ. ૧૯૨૦ મુંબઇથી દિક્ષા જીવન માટે મારો આત્મવિશ્વાસ મક્કમ છે તે પીરના પીરથીએ ડગનાર નથી, તે માટે નગ્ન અદાલતોને ઉત્તર દેનાર નથી અને ઘરમાં ગોટાળા કરી સફાઇદારનું ફાવનાર નથી.

મી. નાગરદાસ ગઢીઆ તમોને સુધારક કોણે કર્યા ? તમો પ્રશંશોકે નિરભંશો તેથી નશીબને શું ફળ ? તમારી શીખવણીથી જૈન યુવકો છાપરે ચઢે અને પડે તો વાગે કોને ? તમારી છાપ લેવાથી સારા કહેવાય ? એવી સત્તા કોણે આપી ? અને છાપ લેવાથી કયું સ્વર્ગ મળવાનું ?

સાદિના શોખનો મોંખ સાધી ધંધો ફેલાવવા સુધારકનો સોંગ ઠીક ભજવો છો, હાલ કાબુલ જાવો તો તમે શરૂ કરેલી લડત બહુ બરકત થાય ? હિંદ તો ગુણ ધર્મ વગર કોઇનું ધ્યાન લેનાર નથી સુકા–કડકી સુધારકનું ગમંડગોળો અને પોતે બની જનતાને રજો તમો ગુણી માંકડા મત બનાવો.

બીજી તા. ક.–બીજા સુધારકનો સોંગ–ગધેડાને પુછડે ડબો બાંધી ધંકલી મૂકી–છેટો રહીને ઉભો બજારનો તમાસો જોવે અને રોવે તેવો હતો અને લાગ ફાવે તો ગઢીઆણીને પણ ગોળ ખવરાવે અને સ્વર્ગના શાણા સાહિબોને પણ સમજાવી ચમકાવી ચુપ કરે ને કાળા કૃષ્નને પણ કાયદો દેખાડે તેવો હતો.

લે. પ્ર. પ્રસિદ્ધવકતા શ્રી મનોહરમુનિજી મહારાજ

# સુધારક ભા. ૩

## ઝઘડા ઝઘડિયા–સાધુને કનડિયા અને ત્રણે પરમાત્માની કપાળીઓ ચોરીઆ.

મારા બીજા ઉત્તરથી તે સુધારકો તેમની વિધિમાં વાંધા થયા, બેસીતમ ચીડાયા, કમરકસી કોઇ રીતે પોતાના પત્રોમાં છાપેલી વાત સાચી કરવાના ચોકસ પર આવ્યા, યુદ્ધના ટેલીફાનો ફુકયા, ને મારી કેડે ધાયા, હું ઝઘડિયા હતો, સુરત મુંબાઇથી ધોળા ધોતીએ ચાર સુધારકો ઝઘડિઆ આવ્યા, હાવકાંપણે રહ્યા ને ધાંધલ કરવાનો લાગ જોવા લાગ્યા.

તે ટેમે જાત્રુના બારેક ચુલા હતા, કુલ ૩૦ માણસ, અર્ધા દવાખાનાના પરૂણા, બાકી સારવાર કરનારા, તેમાં એકાદ પાઘડી બીજા સુધારક ટોપીવાળા ચોપાટીની પત્તા બાજીમાં વફાદાર ઠીકાઠીક ધર્મી જન હતા.

આ જાત્રુમાં તે સુધારકો જેમ જેમ સળગાવવા લાગ્યા, લાગવગ કરવા લાગ્યા, તેમના કમનસીબે ચોરીનું–જારીનું બેમાંનું એક તહોમત મુકવામાં ના ફાવ્યા, છેવટ—

ચૈત્ર વદી ૦)) ની સાંજના પાંચ વાગે હું ગામમાં ગોચરી ગયો, ત્યારે મારા ઉતારાની રૂમ દરેક રીતે ખુલ્લી હતી, ધાંધલવાળાઓમાંથી વખત જોઈ મારા વાંચવા ભણવાની બુકમાં નોટના (ચલણી) કાગળીઆ ઘાલી કૃત્રિમ કાવતરૂં સળગાવ્યું અને મારા જીવનથી અજાણ દશ પંદર યાત્રુને પોતાની વાત બંધ બેસતી રીતે સમજાવી–ઉશ્કેરીને મારી ગેરહાજરીમાં મારા વસ્ત્રો પુસ્તકો તપાસી તેમનું કાવતરૂ દેખાડી દેવાનો ઇરાદો પકકો કર્યો. જ્યારે હું ગૌચરી લઇ આવ્યો ત્યારે મારાં પુસ્તકો જેમ તેમ જોયાં, છતાં ક્ષમા ધારણ કરી, ગૌચરી વાપરી પ્રતિક્રમણમાં બેઠો.

રાતના ૧૧ વાગે દરવાજા બંધ કરી, ખુબ ઉશ્કેરાઇને તે બધા મારી પાસે આવ્યા, ઘણા આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ વિષે વક્તાની વાતોથી રાતના બે વાગ્યા લગી ખૂબ રકજક કરી, મેં એકલાએ સર્વે સહન કર્યું, આખર બંને બાજુ હાવકા બે શ્રાવકોએ સમજ દઈ સુલેહ કરી, તેઓના મન રાજી રહે તેમ મારા પુસ્તક-પાત્રા-ઝોળી તેમને માગી ખાવા આપ્યા, અને તેઓએ કાંઇ લખી રાખેલું તે પર જાસ્મી દબાણથી મારી સહી લીધી, સમયસાર ગભરાટથી મેં તે સહી કરી છે. તે દિવસનું સૂર્યગ્રહણ સાંજે છુટયું અને હું આ રાહુ ગ્રહણથી મધ્યરાતે છુટો થયો, બીજે સંથારો કર્યો, મતિમાં મહાન મુનિઓના ઉપસર્ગો યાદ કર્યા, શાન્ત થયા, સવાર પડી, બાર વાગે જોઇએ તેટલી ગાંજો બીજા ગામના શ્રાવકોએ લાવી આપી, માત્ર સફેદ ધોતીઆધારી સુધારકોના કળીકૌતક યાદ કરતો વિહાર કર્યો.

આ મારા બનાવ અવલ લગભગ ચાર માસ ઉપર ઝઘડિયામાં આવાજ રંગે–દિવસના દેરાસર-જીના ગભારાના તાળાં ચાવી ચોકકસ, કારખાનાના કારભારીઓ અને પહેરા ચોક્કસ, કારખાનાના ભાડુત તરીકે રાખેલા સુધરેલી ઢબથી કમાઇ ખાનારા કારભારીઓના સગા ચોક્કસ, બાકીના સુધરેલાઓની ચોકી ચોક્કસ, છતા ખુદ ત્રણે પરમાત્માની સોનાની કીમતી રૂ. ૩૫૦) ની કપાળીઓ સુધરેલી રીતે ચોરાઇ છે. જેનો પત્તો નથી. તે ચોરી અને પરમાત્માના કપાળોના કષ્ટ જોતા 'માણસ કોણ માત્ર !!'

લે. પ્ર. પ્રસિદ્ધવકતા શ્રી મનોહરમુનિજી મહારાજ

# સુધારક ભાગ ૪

## બાજીગરી બીના- મારો ત્રીજો ઉત્તર, એ ધ્યાન રાખજો અને મારી કને કોડીએ નહિ મળે.

મારા વિહાર બાદ સુધરેલાનો વગદાર ઝવેરી જેઠાલાલ ચુનીલાલે તા. ૧૯-૫-૨૯ ના જૈન પત્રમાં પાનું ૩૬૦ માં 'શ્રી મોહનલાલજીના સંઘાડામાં પં૦ શ્રી રિદ્ધિમુનિના શિષ્ય મુનિ મનોહરનો વેશ છોડાવ્યો છે. એમ બીના પ્રગટ કરી અને તેજ અંકમાં પાનું ૩૬૧ માં સુરતના સુધારકે 'રાજીખુશીથી વેશ છોડયો છે, એમ જાહેર કર્યું છે, હું તો આ બાજીગરી બીનાથી ચમકયો અને ત્રીજો ઉત્તર લખ્યો.—

જે-ધોળા દીવસે પ્રભુની સોનાની કપાળીઓ ચોરાતા-ખુદ ત્રણે પરમાત્માના કપાળનું કષ્ટ જોતાં -વિચારતાં પોતાની વાત સાચી કરવા સંકડાશમાં લઇ મધ્યરાત્રે કોઇ મારો વેશ કે કેશ ઝુટવી લે તેથી મને નાનમ નથી, હું તો પ્રભુ તથા સંઘનો દાસ છું, તથા મારી સંજમ શ્રદ્ધા જતી નથી, જુના વસ્ત્રો પરહવી નવા પહેર્યા માનું છું. મારા આત્મ વિશ્વાસમાં અડગ છું ત્યાં લગી '**મારી દિક્ષા અભંગ છે.**'

સુરતમાં આનંદ સાગરજીના ઓઘો બળાવ્યા, પાલિતાણામાં બાળ વિજયને ચોરીનો આરોપ, ૧૯૨૦માં આનંદ સાગરજીને આનંદ વિજયની એબનો પાલિતાણામાં હોંહાકાર, અમદાવાદમાં અદાલતને આંગણે અણગારો, ખંભાતમાં ભર તડકે ગુરૂઓપર જુલમગીરી, વાસદમાં પ્રેમ વિજયની મારામારી, હાલ મુંબાઇમાં વ્યાખ્યાનમાં પથરાનો ચાળો, તમારા ગુરૂઓને બીજાના બારણે નાગા બનાવવાના તમો સેતાન સુધારકોના પોલ પત્રિકામાં જુગારો, ઓલ્યા ધરેન્દ્રમુનિને કનક મુનિનો ચાર વર્ષ પર સુરત ગોપીપુરાના નવા ઉપાશ્રયમાં મધ્યારાતે થએલો ગોટાળો, '**તેટલી હદેથી હું નિરપરાધી છું-એ ધ્યાન રાખજો.**' -સુકા સુધારકો સદ્‌ગુણી સમાજ સામે ખાંડ ખાય છે ખાંડ!! જ્યાં ખીસ્સા કાતરના હોય ત્યાં કાતરો, અથવા હે સેતાન સુધારકો ઢાંકણીમાં પાણી લઇ બુડી મરો. કોઇ સળશે તો ચુંચી આંખો ચગદાઇ જશે, મારી કને કોડીએ નહિ સળશે તમારા કાવતરા જોતા મને ઘણું થાય છે, છતાં મારો સાધુ ધર્મ વિચારતાં તથા પૂર્વ મુનિશ્વરોના ઉપસર્ગોનું ધ્યાન કરતા ભાવ દયાથી વિરમું છું.

# ઉપસંહાર

૧. જેમ ઘરની સુંદરી સંભાળ્યા વિના સંસાર સુધરતો નથી, સ્નેહ શોભતો નથી, તેમ ભાષા સુંદરી સંભાળ્યા વગર સદ્બોધ અસર કરતો નથી. સફળ થતો નથી સમાજ સુધરતો નથી.

૨. લખવા બોલવાનું કોઇને એકદમ ઉતારી પાડવાને ન હોય પણ આત્મ સમજ આપવા હોય, તેવી સમજ આપવાને લખવા બોલવાના શબ્દો વિનય વિવેકની મર્યાદે ભરેલા આત્મવત્ પણે દીલને ઉંડા દિલાસો દેનાર જોઇએ. અને બને ત્યાં લગી આક્ષેપ ચર્ચામાં રુબરૂ મલી કાર્ય કર્મના મર્મ અનુભવી સાત્વિક સ્વભાવે સમાધાન કરવું, એ જ સુજ્ઞ સુધારકનો શિષ્ટ માર્ગ છે.

૩. કમળારોગ જેવાં હૃદયો કરી સ્વચ્છંદી છેલીઆ સોબાઇથી અન્ અનુભવિ બીન દેખી- નિજ મન તેવી માનેલી અંધ ખબરો લખવી તે ઉદ્ધતાઈ ગણાય, જાણકારનો ઝભો જજ કે બૅરીસ્ટરની પરીક્ષા પાસ થએલાનેજ મળે, ભાડાં ભાંડીના સુધારક કસબીપણાથી સુધારા કરતાં કુધારા થવાના અને સમાજોમાં વિરોધની વિકરાળ વિકૃતિ વધવાની,

૪. સુધારકનો સોંગ દેખાડી પોતાનો ધંધો ફેલાવવા સહિના ચા-પાણીના નકલાદિ શોખો શોભાવના કચ્છંદી કોલમો ભરીને જનતાને રજો તમોગુણી મઝા મા આપો; પ્રજાનો લાભ દેખાડી સત્તાસાહિને કરતાં ઘણું આવડે છે, નગ્ન લખાણોનો ઘડો લઇને કંઈ નવા સુધારે ચઢતા-વક્રતાથી કુછંદમાં પડતા જાય છે. અને બીન અનુભવી લજ્જાસ્પદ નટ નખરાના લેખોથી સુજ્ઞ જનતાનો જાહેર પત્રો પરથી પ્રેમ અને વિશ્વાસ ઉઠતો જાય છે.

## આદર્શ ગૃસ્થ જીવન

૫. ગૃહસ્થ જીવનો કેટલા અમરી આદી છે. તેનો ખૂબ ખ્યાલ કરો? સુરત, મુંબાઇ પુના વિગેરે ચકલા ચકલી જેવા અમરીઆદી ને અ- નિયમીત સંસાર જીવનો સુધારો, તમારા તાબાના નરનારી બાળ અબાળોને ગૃહસ્થ ધર્મના નિત નિયમ, વિવેક, વિનય, મરીઆદા, લજ્જાનું ગેબી ગૃહ ખિક્ષણ આપો. મજબુત મનના બનાવો. અને અવલ બનો. કન્યાવિક્રય, વૃદ્ધલગ્ન, બાળલગ્ન નષ્ટ કરો. છેલ છટકીઆ મુર્ખ મુળીઆનો કછંદી સડો નાત સત્તાથી સાફ કરો. હોટલ બોટલ ને તોટલો ગળાઆંથી કાઢો, વિનયવિવેક વગરની સ્વતંત્રતા ત્યાગો. સંગઠન ને શ્રદ્ધાની નિર્બળતા સબળ કરો. સટ્ટા બટાના પટાનો બહિષ્કાર કરો. નીતિ નિપૂણતાના કદથી કમાઓ. કઠંગીઆ રાગ ભક્તિની શોખાઇ છોડો, ભેદ ભાવની ભક્તિ ભૂલો.

નિડર, અભેદી, આદર્શ ગૃહસ્થ સંસ્કારી બનો, અને કાંડાની માફક સુકી સુધારકતાની નાકની ગોળીઓ કાઢી નાખી-ગુણ ગ્રાહકભાવે સંતસરોજનો સમાગમ કરી જીવો. તેવા સાચા સુધારક બનશો તોજ જૈનમુનિ મહારાજોનો આધકાર અધિક ઉજળો દેખાશે, વેશ્યા જેવા વિવાહના જંગલી, જુલ્મી જુસ્સાથી જગતનું જરા પણ ભલું નથી. ભાંડ ચેષ્ટાથી ઉલટી-અમરી- આદા ઘર ગુમાવશે.-ઘર, એ ખુબ ધ્યાન રાખજો. નીતિ તેવી પરમાત્મા પર પ્રીતિ. પ્રીતિ તેવુ પણ. પણ તેવું ધન. ધન તેવું અન્ન. અન્ન તેવું મન. મન તેવો પોષાક. પોષાક તેવી વાક, વાક તેવા પાક. ખામીવાળુ કોનું નાક!

૬. ગૃહસ્થ સાધુ નાવ નાવિક છે. પણ લાકડાના ફુટેલાં કે સડેલાં નાવે ને સાંધવાને તેવા લાકડા સુથાર શિવાય સાધુ નાવિકની કારીગરી નકામી છે, જરા પણ દાઝેલા બીને ઉગાડવાને

માળી મુનિની મહેનત નિષ્ફળ છે, પ્રથમ ગૃહસ્થ ધર્મ, બીજો સાધુ ધર્મ, એમ ધર્મના બે નંબર છે, આદર્શ એકડો ઘૂટો ? બાદ બગડાના સુધારક બનો. વિશ્વના દરેક વાડાથી જૈન ગુરૂઓ હજાર દરજ્જે ઉંચ છે. ગમે તેવી અગવડોમાં કમર કસી વિચરી જૈન મુની અમોલ ધર્મ લાભ આપે છે. તે ઉપકાર માનો, વિહિત કર્મયોગનો મન પર કાબુ રાખો, ગુણ ધર્મથી તંદુરસ્ત નાવ ખીઆં બનો. આપના હાથના ગુણ ધર્મ વગરના સુકા સુધારક ઝાડુઓના કચરાથી જાતે મલીન થઈ, જૈન, મુનિઓને, મત મલીન કરો, માત્ર લેખ લખવા બોલવાથી ગૃહસ્થ આદર્શજીવન નથી. તમારૂ ગૃહસ્થ આદર્શજીવન જણાવો, ને દરેકના મનમાં કબુલ કરાવો, કેવળ પોપસાઈ પંડિત પંચાયતથી જૈન મુનિઓને હોળીનું નાળીએળ મત બનાવો. એ–ગીરધરની રાસલીલાના ફોટા નથી.

મારી રોમે રોમ રહેનાર ! હે જૈનો ! મન મારક, બંધ બેસ્તુ, ગમતું વાંચ્યુ-સાંભળ્યુ તેટલાથી તાળીઓ કુટી ધવળ શેઠ જેવા ના બનશો. શ્રીપાળ સમાન સંસાર સુધારક થજો.

સંભભાવ દયાથી સુધારક' સમજમાં આટલુ વિનવી વીરમું છું. ॐ શાન્તિ.

તાજી તાજા કલમ. આ ચારે ભાગના લેખો તા. ૨૨ મી મેં સને ૧૯૨૯ ની અંદર સુધરેલા જાહેર પત્રોમાં મોકલ્યા હતા. પણ તે સુધારક અધિપતીઓએ અત્યાર સુધી સુધારા ખાતે જ રાખ્યા કે રાખ કર્યા ? તે જ્ઞાની જાણે. આજ છ માસ સુધી આશા રાખી આખરે નિરાશ થઇ આ રીતે મેં પ્રસિદ્ધ કર્યા અને સદગુણી સમાજના કરમા ઇશ્વરી ઇન્સાફ માટે ધર્યા. ॐ શાન્તિઃ—

## પદ કોવ્વાલી

ડાયણ બીચારી શું કરે—મુદ્દે હમલ રહ્યા નથી,
જ્ઞાની ગુરૂજી શું કરે-છતમાં જખણ લાગ્યા નથી.–ટેક. ડાયણ૦ ૧
કૌરવો જાતે મરે–નિતી ધર્મથી અવળા ફરે,
ખુદ કૃષ્ણજી ત્યાં શું કરે–મદ મોહ કામ ગંયા નથી.– ડાયણ૦ ૨
શું કરે ગીતા ગુરૂદત્તની–બડી પોથી યોગ વાસીષ્ઠની,
ગમ ના પડી પુરૂષાર્થની–વૈરાગ નાગ ડસ્યા નથી.– ડાયણ૦ ૩
વિષીઓ થયા નથી વિષવત–અધિકા ગણ્યા પુરૂષ મરદ,
ગુરૂ શું કરે જ્યાં ઉલટી હઠ–દિલ ડાગ ભૂસાયા નથી.– ડાયણ૦ ૪
છે મુક્તા આ આખુ જગત–ઘડી બે ઘડી માંડી રમત,
બસ ચંદુ મંદુ સબ ગલત–સાગર કદી વિસર્યા નથી.– ડાયણ૦ ૫

લે. પ્ર. પ્રસિદ્ધવક્તા શ્રી મનોહરમુનિજી મહારાજ

# મુનિવિહાર અને ચોમાસા.

વી. સ. ૧૯૨૮ નું મારૂ ચોમાંસુ ભરૂચ વેજલપુર થયું, ચોમાસામાં આચારાંગ સુત્રને દાનવીર રત્નપાળ ચરિત્ર વંચાતું, તે જ્ઞાનાનંદનો! આંક તે વખતના શ્રોતાઓજ આંકે, વાખ્યાનમાં ભરચક મેદની થતી, હજારો સજ્જનો. સાથે વીર વલભભાઇ ભક્તિ પ્રેમે ઉપાશ્રરે આવેલા. તેમને મારા તરફથી લેખીત દેશ વિજય સંદેશો સમર્પેલા, અક્ષય નિધિ તપ ઘણા ભાવિકોએ આરાધ્યો, સંઘે તેના ફાર સોભાથી વરઘોડો કાઢી તે વરઘોડાનો ભરૂચના મુખ્ય મથક પર ફોટો લીધો. ડી. ડી. કલેકટર ડી. અંકલેશ્વરના આગ્રહથી અધ્યાત્મ લોજમાં વ્યાખ્યાનો માટે જતા, કારતિક સુદી ૧૫ ના શેઠ છગનલાલ કસ્તુરચંદની પેઢી તરફથી બેન્ડ સાથે તમામ સંઘ મળી પટ ઝાળી પોતાને ત્યાં ધામધુમથી ચોમાસું બદલાવ્યું, વ્યાખ્યાન બાદ શ્રીફળની પ્રભાવના કરી, રાત્રિ જગો ઘણો સુંદર થયો, કારતિક સુદ ૧૧ થી શ્રીમાળી પોળમાં અઠ્ઠાઇ મહોત્સવ સરૂ થયો, માલીકના આગ્રહથી કારતિક વદી ૧ ના શાન્તિ સ્નાત્ર ભણાવ્યું, એકંદર ધર્મના અમાપ આનંદ-મહીમાથી ભરૂચ ચોમાસું પૂર્ણ કરી કારતિક વદી બીજના ગંધાર યાત્રાર્થે વિહાર કર્યો. નાના મોટાં તમામ સંઘ દેરોલ સુધી સાથે આવ્યો, દેરોલમાં શીખંડપુરીનું સામીવાત્સલ્ય કર્યું. ભરૂચ સંઘની ભક્તિ ઉત્સાહથી મને ધર્મ વૈરાગ ઘણો થયો.

ત્યાંથી સમની સાચણ, પાંજ થઇ ગંધાર તિર્થની યાત્રા કરી, ત્યાં પાજના શેઠે સાંમી વાત્સલ્ય કર્યું, ત્યાંથી દેજ બંદર ગયા, ધર્મ ઉપદેશથી ગામના સંઘે ઉપાશ્રમના ઉદ્ધાર માટે રૂા. ૧૫૦૦)ની ટીપ કરી. તેમજ ગામના મંદિર માટે ગામ ઠાકોર, પટેલો પાસેથી રૂા. ૫૦૦)ની ટીપ કરાવી દરેક કામ વગે પાડી વિહાર કર્યો, અનુક્રમે વિહાર કરતા ભરૂચ આવ્યા. સંઘના પ્રેમથી એક માસ ભરૂચ રહ્યા.

ભરૂચથી પોષ વદી ૧૦ ના વિહાર કરી અંકલેશ્વર ગયા, પૂજા ને સંઘ જમણ હતું, સંઘના આગ્રહથી બે દિવસ રહ્યા, ત્યાંથી સજોડ થઇ હાંસોટ ગયા; સંઘના આગ્રહથી ચાર દિવસ રહ્યા; ધર્મ ઉપદેશથી સંઘનો તેમજ સરકારી ડોકટર વીગેરે બાળ અબાળ સર્વેનો ધર્મ ઉત્સાહ સારો થયો. સર્વે બે માઇલ ચાલી વળાવવા આવ્યા, ત્યાંથી ભાદોલ, ઓરપાડ, રાંદેર થઇ મહા સુદી સાતમે સુરત ગયા, હરિપૂરામાં છબીલદાસના આગ્રહથી ઉજમણા મહોત્સવમાં પૂજા–શાન્તિ સ્નાત્ર જાતે ભણાવ્યાં, ઓચ્છવમાં હજારો શ્રાવક શ્રાવિકાની મેદની હતી, ઉજમણા ઓચ્છવ ઘણો સારો થયો, મહા સુદી ૧૪ શેઠ દલીચંદ વીરચંદ સાથે અશક્તાશ્રમની મુલાકાત લીધી.

નીરખીને અંતર ઉમેદતો અભિપ્રાય લખ્યો, હમો ગોપાપૂરા શ્રી. મોહનલાલજી. ઉપાશ્રયમાં હતા–ત્યાં ઓચ્છવ ચાલુ હતો. મહા વદી છઠે–

શાંતિ સનાત્ર ભણાવ્યુ, છેવટમાં થોડા શ્લોક શ્રી. રામ વિજયજીએ ભણાવ્યા, ધર્મ પ્રભાવતા કુલ ચાર વરગોડા થયા, તેનો દેખાવ ગમે તેવી શ્રીમંતાઇનો ગર્વ ઉતારીને ધર્મે ચડાવે તેવો હતો.

સુરતથી આનંદમય મહા વદી સાતમે વિહાર કર્યો; કઠોર સાયણ કીમ; કોસંબા, માંગરોલ, વગેરે ઉપદેશ કરતા વાલીઆ ગયા, સરકારી કચેરીના તમામ વર્ગનો આગ્રહ થવાથી બે દિવસ રોકાઇ, બે જાહેર વ્યાખ્યાનો આપ્યાં, મામલતદાર વિગેરે તમામ અધિકારી મંડલમાં અમોલ આનંદ થયો, ને, ત્યાંથી ઝઘડિઆ ગયા. એક માસ સ્થીરતા કરી, પૂજાઓ આંગી ભાવના ઘણા સારા થયાં, સુધારકના ચારે ભાગ ત્યાંજ લખાયા, અને ચૈત્ર વદી ०)) નું રાહુ ગ્રહણ ત્યાંજ થયું. દુનિઆની માફક–મેં પણ માગી ખાવા ઝોળી યાત્રાનું દાન દઇ ગ્રહણ છુટું કર્યું, વૈશાખ સુદી એકમે ઝઘડિયાથી વિહાર કરી, ગુમાનદેવ, પાનોલી, કોસંબા, કીમ, સાયણ, એલાવ, સજોડ થઇ ભરૂચ, આવ્યા. સંઘના આગ્રહથી, બે દિવસ રોકાયા.

ભરૂચથી દેરોલ, કેરોદ, કેરવાડા, ઉુવા, આમોદ, અણખી, માસરરોડ, તીથોલ, શીશવા, થઇ, ભાદરણ આવ્યા, ગામના આગેવાન પાટીદારોના આગ્રહથી બે વ્યાખ્યાનો આપ્યાં, બોરસદથી રતનચંદ નાગરદાસ વકતા પોતાના મિત્ર સાથે મોટર લઇ વાંદવા આવ્યા હતા, ગામે ચોમાસાની વિનંતિ કરી છતાં, વિહાર કરી ધરમજ આવ્યા.

ત્રણ વર્ષથી ભાલેજના સંઘનો ચોમાસા માટે આગ્રહ હતો, ગત વર્ષના પર્યુષણમાં ભરૂચ આવી હજારો મેદની વચ્ચે, ભાલેજના સંઘે વિનંતિ કરી હતી, તે સંઘ ચોમાસા માટે ધરમજ તેડવા આવ્યો, તેમના ઘણાજ આગ્રહભર્યા પ્રેમથી વિહાર કરી અગાસ, આણંદ થઇ જેઠ વદી ૧૩ સે ભાલેજ આવ્યા, સંઘે સ્વાગત સારૂં કર્યું.

## ચોમાસુ ભાલેજ નગર

સંઘના અમાપ આગ્રહથી ચોમાસુ ભાલેજ નગર થયુ, ધર્મ ઉપદેશમી દિવસે દિવસે ભવ્ય ધર્મ જાગૃતિ થવા લાગી, શ્રી ઉતરાધ્યાન સુત્રને લલિતાંગ કુમાર ચરિત્ર વાંચવું શરૂ કર્યું, જૈન તથા જૈનેતરોથી સભા ભરચક ભરાવા લાગી, બાળ અબાળો ઉમંગથી ધર્મ શિક્ષણ શીખવા લાગ્યા, પ્રભુ પૂજા, ગુરૂભક્તિ, સામાયક, પ્રતિક્રમણ, તપ, દાન, વૃતનિયમ આદિ ધર્મધ્યાન વધવા લાગ્યા, વિશુદ્ધ ભાવે આરાધવા લાગ્યા, એક માસમાં શુદ્ધ શ્રાવક ધર્મની રિતો ઘરેઘરમાં ઝળકવા લાગી, શ્રાવણ વદ ચોથથી અક્ષયનિધિ વૃતનું મંડાણ થયું.

ઘણા શ્રાવક શ્રાવિકાઓ એ પ્રવેશ કર્યો, અહીંમા, રાસનોલ ત્રણોલ, વીગેરે ગામોના બસો શ્રાવક શ્રાવિકાઓ પર્યુષણ લગભગ ભાલેજ આવીને રહ્યાં, ધર્મનો અનુપમ ઉત્સાહ ઉગ્યો, વૃત વાળાઓને જરમનના થાળ, રકેબીઓ, વાટકાઓ, પ્યાલાઓ, દહેરે જવાની ડાભડીઓ, કટાસણાઓ વીગેરે જુદી જુદી લહાણીઓ દરેકે પ્રેમ આદરથી કરી, શેઠ. કેવળદાસ મુનદાસની વિધવા ઇચ્છા બહેને ટોળી જમાડીને લહાણી કરી, કલ્પસુત્ર ચઢાવો બોલી શેઠ. બાપુભાઇ શીવલાલ ધામધુમથી પોતાને ઘેર લઇ ગયા, રાત્રી જગા પ્રભાવના પુસ્તકજીનો વરઘોડો આદિ ઘણા સારા કર્યા, વૃતનું મંડાણ તેમને ત્યાંજ હતું, પારણું–અહીંમાના શેઠ. ગોરધનદાસ નાથજી પાંત્રીસ મણ ઘીના ચઢાવાથી લઇ ગઆ, જન્મ મ્હોત્સવ અમુલ્ય મનોરથે ઉજવાયો, બેન નાથીબાઇ તથા બેન સદાબાઇએ બન્નેએ અઠ્ઠાઇ તપ કર્યાં હતા, દરેક ધર્મ ક્રિયા આદિમાં ઘણીજ સ્ફુરતિતે શ્રદ્ધા હતી, ભાદરવા સુદી ચોથ વાર્ષિક પર્વ અપૂર્વ વૈરાગે પસાર થયો. બારસા સુત્ર સાડા ત્રણ

કલાક વંચાયુ, સંવત્સરિ પ્રતિક્રમણ ઘણીજ શાન્તિથી થયુ આઠે દિવસ કભાષણુ, કંકાશ, વેરઝેર, કજીઆ, આદિના દરેકે નિયમ કર્યા હતા. ઘણીજ ક્ષમા ભાવના વર્તાતી વ્યાખ્યાનો તદન શાંન્તિ સુરતાથી સાંભળતા, આઠે દિવસ દરેક વ્યાખ્યાને શ્રીફળ પતાસા, વીગેરે પ્રભાવનાઓનો ગંજ થતો, ભાદરવા સુદી ૫ ના અક્ષયનિધિ તપનો અનહદ ઉત્સાહથી પાલખી બેન્ડ આદિ હજારો માણસોના સરઘસ સાથે ધામ ધૂમથી શાસન પ્રભાવક સુંદર વરઘોડો કાઢયો, તે વરઘોડનો ગામના મુખ્ય મથક પર ફેટો લીધો છે, ક્ષણે ક્ષણે પ્રભુની ગુરૂની જયનો ધ્વની ગાજતો, આખા ગામમાં અમાપ હર્ષ અને ઉત્સહ હતો.

પર્વ આરંભથી માણસોનો ભરાવ ચીકાર. હતો. આખા ગામમાં જ્યાં ત્યાં જૈન શ્રાવકોજ દેખાતા, શ્રાવણ વદી ૧૩ ના શેઠ મણીલાલ, શેઠ નેમચંદ, શેઠ છગનલાલ. શેઠ હરિલાલ તરફથી સંઘ જમણુ હતુ, ભાદરવા સુદી ૧ મે શેઠ ગોરધનદાસ મગનલાલ તરફથી સંઘ થયો; ભાદરવા સુદી ૩ ના. શેઠ કેવળદાસ ગીરધરદાસ તરફથી સંઘ થયો, ભાદરવા સુદી ૫ ના શેઠ બાપુલાલ સીવલાલ તરફથી સંઘ થયો, સુદી છઠ્ઠ ના અહીંમાના સંઘના તરફથી સંઘ થયો. સુદી ૭ ના શેઠ છોટાલાલ ત્રીભોવનદાસ અફ્રીકાવાળા તરફથી સંઘ થયો. પ્રભુ પૂજાઓ, ખુબજ ભણાવી વિધવિધ આંગી ભાવનાઓ થઇ, અત્રે એક જૈન દહેરા સર છે, મુળ નાયક શ્રી. શાંન્તિ નાથજી છે. ઉપાશ્રય છે, ઉપાશ્રયનો ઘણો સુધારો થયો, ઓળી પર્વ ઘણા શ્રાવક શ્રાવિકાઓ આ રાધે છે, વ્યાખ્યાનમાં ભરચક મેદની ભરાય છે, સંઘની ભકિત ભાવના અહનિસ ઉભરાતી જાય છે, ગુરૂને દાન દીધા બાદજ હરકોઇ ખાય છે. એવા ધર્મ આનંદ જ્ઞાન આનંદમાંજ ચોમાસુ પસાર થાય છે, આ ક્ષેત્ર ઘણા વર્ષોથી પૂરાણીઆ હરદાસ કથાકારોના આચાર સંસ્કારમાં તળાબોળ હતું, તે આટલી હદે આવ્યું છે, આ ક્ષેત્રનો ઉપગાર કરવાને દરેક પૂજ્ય મુનિશ્વરોને, વિનવી વીરમું છુ. ૐ શાંન્તિ.

## તાજા સમાચાર

**એકાદશી ઉજવી** ભાલેજ સંઘમાં અગ્રેસર સુશ્રાવક શેઠ બાપુભાઇ શીવલાલના પત્નિ સુશ્રાવિકા સૌ. બેન ચંચળ બાઇએ એકાદશી આરાધી હતી, તે વ્રત સુસંપત્તિ–પ્રભાવથી ઉજવી ને મહીમાથી નવ પદ પૂજા ભણાવી. સુંદર રાત્રી જાગ્રણ–ભાવના કરી હતી અને તમામ ઓળી વ્રતવાળાને દુધપાક–માલપુવાનું સ્વામિ વાત્સલ્ય કર્યું હતું.

—ગુરૂભક્ત શેઠ મણીલાલ મગનલાલ તેમના પત્નિ સાથે ઓળીપર્વ આરાધિ તમામ તપિયાઓને પારણા કરાવ્યાં હતાં. તે ટાઇમે અહીંમાના શેઠ દલસુખ મોરારજીના બ્હેન માકોરે રકેબીની લ્હાણી કરી હતી. અને બીજા ઘણા શ્રાવકોએ વિધવિધ આગી પુજા ભાવનાઓ કરી છે ઓળી પર્વ ઘણાજ મહીમાથી પસાર થયો છે.

# ગગન ગાંઠીઆ

૧–હે ભારત જૈન સમાજ–એક લાલ હેન્ડ-બીલ માટે લાલ પીળા થઇ કુદકા કુદી, ગામેગામ સભાઓ ભરી, દેવો પણ ડરી જાય તેવા ઠરાવો કર્યા, ગુરૂ ભક્તિના ભપકા ભજવ્યા, અને જે જૈનોના કચરાના પણ હકદાર નથી, પોતાના પંથમાંની પોટલા બંધ પેટ પડાવું પોલં પોલો વેચી ખાઇ, પોતાના પંથમાં દેવાળુ કાઢી, કદાવીને તેમના જેવા જૈનોને કરવા આજ એક વર્ષથી તમારા સર્વ ધર્મ શિરોમણિ પૂજ્ય ગુરૂઓને નફટમાં નફટ–નાગામાં નાગા બનાવવાને તે ભવૈયાઓ મુંબઇની ભીંડી બજારમાં ભૂંડી રીતે ભવૈ રમી રહ્યા છે, વગોવી રહ્યા છે, તેની કાંઇ દરકાર છે? દાદ છે? હવે કેમ ચુપ થયા? ક્યાં ગયું ગુરૂભક્તિ જનુન? ક્યાં ગયું ધર્મ અભિમાન? કોઇ વસ્તુ પાળ તેજ પાળ છે? યાદ રાખજો કે તમારી બ્હેન બેટીઓને પણ તેમજ વગોવશે??

૨ વડોદરા–સુધરેલાના વગદાર ઝવેરી જેઠાલાલ ચુનીલાલ–બુદ્ધિ સીધી રાખી આ બુકના અક્ષરે અક્ષર વાંચી લેજો, જેને જેમ કહેવું હોય તેમ કહી દેજો, અને ઝઘડિઆજઇ તમો–તમામોના 'કાળા કર્મોનો ખોખરો દીનાનાથ રૂષભદેવ સામે કરજો. ત્યાં હાજર હોય તે સર્વેને ખરી ખુબીની ખુશીથી ખોખરામાં બોલાવજો તથા છેલીઆ સુ-રતીઓના–તમામ સુબોનો દલાલ કસ્તુરીઆ મોદી પાસે દાહાટો પાણી કરાવજો, અને વડોદરા કોઠી પોળના ઉપાશ્રયે ચોમાસામાં તાળાં દેવાનો સમય કેમ? થા તો તે જણાવજો, તે સૂરિનો વેશ છોડાવજો, ત્યાં જઇ જોર જણાવજો કે ખાસડાના નિશાન લાવજો, પુત્ર જોઇએ તો લહેરી પૂરે લ-હેરીઓ કને મોકલજો, તે સર્વ જૈન પત્રમાં જણાવજો, બાયલી બહાદુરીના બણગાં ના મારશો મગરૂરીમાં છકી ના જશો, ધરતિપર ધર્મને માથુ દેનાર શૂરવીર દાતારો ઘણા છે. 'એ ગોખી રાખજો.'

૩–સુરત ગાંડીવ મી, નટવરલાલ તથા ઇશ્વ-રલાલ વિમાવાળા આ પત્રના **તમામ લેખો** અનુક્રમે ઘરમાં વંચાવજો, જો ખાનદાની **અને** ગુણીયલ હશે તો તમારી સુધરેલી કલંમબાજની કમાણીની કીંમત જરૂર કરશે, કોઇ ધંધામાં ના ફાવ્યા તો ઘાઘરી પહેરી ખાયણા ગાવા, **અને** મીજાસ ચસકે તે બધું ગાંટિવમાં ગુસેડજો. **'સીતારામ.'**

૪. વલસાડ–સુધરેલાના સરાફ કાલીદાસ ગોવિંદદાસજી–' દયાધર્મ ચુસ્ત શ્રીમાન્ ઝવેરી લલ્લુભાઈ ગુલાબચંદ, ગુરૂભકત શ્રીમાન્ ઝવેરી નગીનચંદ વીરચંદ એ શ્રીના પગલે ચાલો તો જ સદ્દગુણી સરાફી થાય, કહેવાય, તેમ ચાલવાને પરગજુ શેઠ ફુલચંદ રાયચંદજી કને શીખાય તો જ સદ્દગુણીમાં આબરૂ અંકાય, બાકી તો હર-કોઇને ફાવતુ બોલતા અને કરતા આવડે? **અને** તે ફાવતા બણગા ફુંકનાર જ સડેલ સુધરેલા અને સુધરેલીઓ જ કહેવાય, ' તેવા માત્ર બાય-ડીના આંસુ લુછી–બાયલા જેવી તાલીઓ કુટી રાજી થાય. જે વડોદરે જણાવેલી હુંડીનો ભાવ ચશ્મા સીધા પહેરી જોજો, ' હુકમ કાલી પાન કે સોડા બરફ ' તે તાણીને કહેજો. દેવનંદ ગુલાબ કાકા ને-જય ગાવિંદ ગોપાળ–પડ પાશા...

૫. મુંબઇ–જેના ઘરમાં પોલ, જેના ગામમાં પોલ, જેના માબાપમાં પોલ, જેના જીવતરમાં પોલ, જેના ધંધામાં પોલ, જેના ગઢમાં પોલ,

જેના ગજવામાં પોલ, જેની ધણીઆનીમાં પોલ, જેની નાત જાતમાં પોલ, જેની દાનતમાં પોલ–તે માણસને જગતમાં જે–તે માં જ્યાં ત્યાં પોલ જ દેખાય, તેનાથી કોઇનું સારૂં દેખાય જ નહિ, પીળી આંખવાળો બધું પીળુ જ જુવે, દુઃખે પેટ અને કુટે માથું ને પત્રિકામાં રાત ને દિવસ પોકેપોક રૂવે, બરૉડીના ભુચ્ચકે બુટ્ટો બબરચી આંસુ લુવે, પૃથ્વીનો મેલ ધુવે, એ રીતે એ બધા નવરાઓ પેટ ભરે, દાન તો ભુંડની જેમ ફરે, ઉકરડા ચરે, તેવા શંખભારથી–નફટનંદાની–હે પોલંપોલ યાદ રાખ! **'કોઠી ધોતાં કાદવ નીકળે'**

૬. ગીરધરલાલ ડુંગરશી–'કોઇ માણસને કુતરાએ બચકું ભર્યું? તેથી તે માણસ કુતરાને બચકુ ભરે કે? એક બાયડી મારી નાખી બીજી પરણે તે કેવો? અને તેમની તમામ પેઢીઓના નામ બોળે તેવા–સાધુ–શ્રાવકની નીંદાના પુસ્તક છપાવીને તેમના કોહેલા કાળજાના કાદવથી સમાજને ગંધાવે છે–તે તેતર કેવો? 'એક કાઠીયાવાડી નંગ, દેશ ન મળ્યું અન્ન, કર્યો સુરતનો સંગ, રચે ઉંધા અવળા ફંદ, દિયે આ–બરૂના દમ, તાલંબાજ નફટ નંદ, એમ કરે પોપાબુ નંગ,' **ચણા જોર ગરણ......**

એક શોની અક્કલબાજ, કરે ભાલેજીના કાજ,
સોનું ચોરે તાલંબાજ, પોલવાંચે પોલંબાજ,
કુડા કાળા કર્મો બાજ, તેને નથી શરમ લાજ,
તેની વાંઝણી નખરાબાજ, કરે તેવાનું હરાજ,
જય રણછોડ મહારાજ **ચણા જોર ગરમ.**

# સુધરેલા શ્રોતાને પ્રત્યુત્તર

હમારો બોધ–સુખ દુઃખ અનુભવેલો ને જ્ઞાન પરાયણ હોય તે જલ્દી સમજી શકે? કેવળ સુખીને જ્ઞાન પરાય હોય તે સમજવામાં બીજા નંબર છે, કેવળ સુખીને જ્ઞાન અપરાય હોય તે સમજવામાં ત્રીજા નંબર છે. અને કેવળ સુધરેલી સફાઇમાં ચસકી ગયેલો ને વિનય–વિવેકથી તદ્દન દરિદ્રી ચોથો નંબર છે, 'તમે કયા નંબરમાં છો તે આત્માને પુછી જુવો?–ૐ શાન્તિઃ—

# ખબરપત્રીને ખુલાસો

અમદાવાદ—એક જૈન હિતેચ્છુ નામના સુધારકને—હરામખોર નનામો પત્ર કેમ? લખે છે, 'તારો બાપ છે કે બજારૂ પેદા થયો છે.'

હે બદમાસ હિતેચ્છુ—આ વાંચ—નડિયાદ પર્યુષણ બાદ ઉપાશ્રયના પતરાના ઉકળાટને લીધે માત્ર વચ્ચે સડકજ—સામેજ ઇન્કમટેક્ષના ઓફીસર સર ચુનીભાઇએ ઓફીસની નીચેનો હોલ ભક્તિથી વાપરવા આપ્યો હતો, ત્યાં દિવસના બેસતા અને આહારપાણી, સંથારો ઉપાશ્રયમાં કરતા, કાર્તિક વદી ૧૦ ના વિહાર વખતે મુંબઈ ધારાસભાના અગ્રેસર રા. રા. જયરામભાઇ, રા. રા. પ્રાણજીવનભાઇ દયારામ સાહેબ આદિ નડિઆદના અગ્રેસરો હજારો સ્ત્રી પુરૂષો એક મૈલ સુધી વળાવા આવ્યા હતા, અને કેટલાક મુખ્ય માણસો ઠેઠ વસો સુધી આવ્યા હતા; તે સર્વેનું વસોના અગ્રેસર રા. રા. પુરૂષોતમદાસ મુળજીભાઈ આમીન સાહેબે દૂધપાકપુરીથી સ્વાગત કર્યું હતું, અને હું નડિઆદ હતો ત્યાં સુધી નડિઆદના મામલતદાર રા. રા. નાના સાહેબ, રા. રા. તાત્યા સાહેબ રા. રા. દાદુભાઇ દયારામ સાહેબ, રા. રા. ગોકળદાસ લલ્લુભાઇ દીવાન સાહેબ, રા. રા. જુનાગઢના દીવાન સાહેબનો પરિવાર, રા. રા. જીણાભાઇના ભાયાતો, રા. રા. ધનસુખરામ તનસુખરામનો પરિવાર ઉપરાંત પંડીતો, વકિલો, પટેલો, અધિકારીઓ, આદિ તમામ અગ્રેસરોની દરરોજ મારી પાસે બેઠક થાતિ, અને આ સર્વે ગુજરાતના આભૂષણ છે, તથા સવારથી રાતના બાર એક વાગ્યા લગી માણસોનો મારી કને ભરાવ રહેતો.

હે હિતેચ્છુ કોઇ તારા જેવા હરામજાદા હશે તેવાજ તારા જેવા કાળાકૃત્યો કરતા હશે, તેમ બોલતા હશે, છુપા પત્રો લખતા હશે, લખાવતા હશે, તેમ કરવાના કાવાદાવા ગોઠવતા હશે, અને તારા જેવા નરપીશાચોના જાળ ફાસામાં ફસાવવા સાધુઓને કનડગત કરતા હશે.

હે હિતેચ્છુ **સાયણપણ** નડિઆદના સમાન ભક્તિભાવમાં સમજી લેજે, ત્યાંના આગેવાન સંઘના પ્રેમથી ગત ફાગણ માસમાંજ હું સાયણ ગયો હતો, પૂજા, આંગી આદિ ધર્મનો સારો મહિમા થયો હતો, સાયણ ગામના આગેવાનો ઘણા ગુણીયલ છે અને તેમની ગુરૂભક્તિ નિર્મલ છે, શુદ્ધ શ્રદ્ધાવાન છે, અને તારા જેવાને તુચ્છકારી કાઢનાર છે. છતાં તારે વધારે જાણવું હોય તો હું સાયણ હોઉં ત્યારે આવજે એટલે તારૂં ચસકી ગએલું ઠેકાણે આવશે, અને ભાલેજ માટે તો આ પત્રમાં છાપેલો મારો વિહાર વાંચી જોજે, જો—માથું દુઃખે તો મેથ્રોલ લગાવજે, પેટ દુઃખે તો પીચકારી મરાવજે.

હે નફટ હિતેચ્છુ—ઝઘડીઆ, મુંબઈ, સુરત, કઠોર, વિગેરે જગ્યાએથી ઘણા શ્રાવકો અહિં વાંદવા આવી ગયા, ભાલેજ સંઘ બધે મળ્યો છે, ચોમાસા માટે ત્રણ વરસથી વિનંતિ હતી અને જે ગુણ ગ્રાહિ મારા જીવનના અનુભવીઓ તો—'તારા જેવા નનામા, નબાપવાલા, નવરાનાજ —એ બધા કાળાકૃત્યો માને છે', તારા કુલ ધંધાની પોલમાં કેટલાકના ફોટા—ફજેતીઓ કરી છે, તે તો ગણાવ! વધારે ખુલાસો જોઇએ તો પાલીતાણા શ્રી ચારિત્ર વિજયજી કને જાજે. તથા ન્યાયરત્ન શ્રી શાંતિ વિજયજી કને જાજે. એથી આફરો ન મટે તો જમાલગોટાનો જુલાબ લેજો અને તેથી પણ ન મટે તો ભાલેજ ગામમાં ભાળ કાઢી જજે, મને મળશે તો—મંત્ર—જંત્ર આપીશ, તરત આરામ થશે, હાંકે. સાહેબજી,

## નિંદણીઆ-દોષ દેખણીઆ અને ચળવળીઆ સુધારકોને સુચના.

અન્યમુનિરાજો વિષેકે-મારા વિષે-તમારે જેટલા જાહેરનામા લખવા હોય, લખાવવા હોય, અને છપાવવા હોય તથા જેટલી તાલંબાજી કરવી હોય, કરાવવી હોય, તેમાં પાછી પાની નાકરશો, તમારૂં પેટ સારી રીતે ભરજો માત્ર મારી નજરે પડે તેમ તમારા કાળા કૃત્યોના તે જાહેરનામા મોકલજો, 'રાજી થઇને રદીઓ આપીશ,' તમારી ભલાઇની, મીઠાસની, સન્માનની અને ભક્તિ પ્રેમની લેશ પણ મને જરૂર નથી. દરકાર નથી. તમો જેવાનો સાધુ કે ગુરૂ થવાને મારૂં એક પણ રૂવાટું રાજી નથી, આત્મામાં મસ્ત છું.

મોજમે ખાતહૈ, મોજમેં પાતેહૈ, કુદરત રખ્ખે ઐસે રહેતે હૈ, કોઇ અર્જ ગુઝારતા હૈ, કોઈ ગરજ ગુઝારતા હૈ, હમતો કસીકો અર્જભી નહિ ગુઝારતે ઔર ગરજભી નહિ ગુઝારતે, જો ગુઝારતે હૈ સો ગુઝારતે હૈ. ૐ અર્હંમ:-

### સદ્દગુણી સમાજને નિવેદન

સુકા સુધારકોની સૈતાનીભરી સીતમગાર સતામણીથી તથા ગજવા માટે કડકીઓ કાવતરા રચી કેડે પડવાથી નિરૂપાયે-મેં મધ્ય સ્થતા, ક્ષમા, શાન્તિ, છોડીને કેટલીક કલમો કડક લખી છે. અભ્યંતરમાં સૌનું શ્રેય થાવો-એ ઇચ્છી વિરમું છું.

### દરેક મુનિરાજોને વિનંતિ

આવા સડેલા સુધારકો-તમોને જે સતામણી કરે, આબરૂડરામણી કરે કે નામોશીભર્યા તમારા પર જાહેર છાપા કાઢે તે સર્વે મુનિમહારાજે નિઃશંકપણે મારા પર મોકલી આપવા, આપ સમતા સાધો, હું ને ચામડા સુધારકોને જમાલ ગોટાના જુલાબનો રમુજી રદીઓ આપીશ, વંદન અસ્તુ.

### પદ-રાગ કોવ્વાલી.

વિશ્વની આ વાડી માંહિ વ્યસનનો વહેવાર છે.
વ્યસનના વહેવાર માંહી, મોહ મહા સરદાર છે, એ ટેક
વ્યસનમાં જે વ્હાલ છે, વ્યસન જનનો કાળ છે,
વ્યસનમંદ-મોટાઈ ભાઈ વ્યસન માયા માર છે. વિશ્વ૦૧
વ્યસન તે વેપાર છે, વ્યસન તે નિજ નાર છે,
વ્યસન હોકા-નીંદ ભાઈ, વ્યસન સાંજ સવાર છે. વિશ્વ૦૨
વ્યસન તારા બાળ છે, વ્યસન તે જગ જાળ છે,
વ્યસનમાં વગોવાયા ભાઈ, વ્યસન ખાર ખુવાર છે. વિશ્વ૦૩
વ્યસન તે વિકાર છે, વ્યસન તે અસિ ધાર છે,
વ્યસનને ફીટકાર ભાઇ, વ્યસન ગેબી માર છે. વિશ્વ૦૪
વ્યસન વિષની ડાળ છે, વ્યસન જુલમ ગાર છે,
વ્યસન કાળો કેર ભાઇ, વ્યસન મન હરનાર છે. વિશ્વ૦૫

ઇતિ—ભાલેજ

લે. પ્ર. પ્રસિદ્ધવક્તા શ્રી મનોહરમુનિજી મહારાજ

# હે ! ગુરૂશ્રી–હું કોણ માત્ર અને તે જાહેર થવું જોઇએ !

સુરત પં. રિદ્ધિ મુનિજી મહારાજ આપ મારા ગુરૂવર્ય છો, આપશ્રીને કાંઇ લખવું બોલવું મારે ઉચિત નથી, છતાં ટુંકી વિનંતિ જે તમારૂં મારૂં જીવન જરા પણ જુદું નથી. ગાંડા પણ ઘરનો છે, સમુદાયમાં નજર કરો, સરખામણી કરો, 'આજકાલ ભલભલા સાધુઓના ઉપર મારાથી એ ઘણી હલકી રીતે નાગામાં નાગા લખાણો ફોટાઓ સહિત છપાય છે તેમનો પારાવાર હોહાકાર થાય છે, અને ઓશીઆળા થઈ ચોમાસાં કરે છે, તો હું કોણ માત્ર ?

જેપુરમાં ભક્તિ મુનિથી ધુપછાયા યાદ કરો, આપના જીવનમાં કઇ વખતે કેમ કેમ ગુજરી તે ઝીણી રીતે નજર કરો, ભંડારમાં ઉપધાન વખતે હાય પૈસાના છાપવાશું સુરત સમજો, આપના મુંબઇ, સુરતના વસવાટથી દિવસે દિવસ આપનો આદર કેટલો ઓછો થયો છે અને થાતો જાય છે તે ઉંડી સમજથી ધ્યાન કરો, **તે જુનો નવો જમાનો તોલો.** ગત વરસે મુંબઇમાં ડુંગરમુનિ કપડા, કામલી. રૂપીઆ લઇ નાશી ગયો તે માટે છાપામાં આપના નામે હોહાકાર યાદ કરો.

દરેકને માથે સારો બુરો–નાનો મોટો સમય છે; અને સર્વેને સમય બળવાન છે આપની સારી કે ખોટી કૃપાથી ઘણો રાજી છું, ગુરૂકૃપાથી હજારોની મેદનીમાં ચોથા આરા જેવા સન્માન આનંદે ધર્મધ્યાન થાય છે, સુરતની સાહિબીને–સત્તાને શરમાવે તેવા ચરોત્તરના અગ્રેસર અમીન કુટુંબોની ગુરૂભક્તિ પ્રાણ પાથરૂં છે, 'સાકરનો ખાનાર તેને દેવદેનાર,' તે જોઇ પેટમાં બળનારા–બોલનારાને લખનારા જખ મારે છે, કનકમુનિ આદિ ચાપીએ છે, ચપટી લીએ છે, ને મારો મેલ ધોવે છે, તેમની જેમ કોઈ રીતની ઓશીઆળાથી ચોમાસા કરતો નથી, તેવાજ જખમારૂ ઝઘડાખોરોને લીધે આપશ્રીનું મારા પરથી મન ઉતરી ગયું, તે બનવા જોગ છે. તેમ કરવુંજ જોઇએ પણ આપશ્રીનું મન જેના ઉપર છે તેવા શિષ્યો આપશ્રી કને કેટલા ટકયા અને કયાં છે, તે જાહેર થવું જોઇએ, ગુરૂકૃપાથી શ્રદ્ધા પ્રમાણે મારા ચારિત્ર ધર્મમાં વિજય વર્તે છે, સસ્નાષ્ટ વંદન સાથે વિરમું છું. ૐ સદ્‌ગુરૂઃ–

## ક્ષમાપના

વાર્ષિક પ્રતિક્રમણ સંબંધી મુંબઈ, સુરત, ખંભાત, વડોદરા, નડિઆદ, ભરૂચ આદિ ઘણા ગામોથી ખમત ખામણાના પત્રો આવ્યા છે, તે સર્વેને તથા આ જૈનરિદ્ધિ પત્રમાં લખાએલા સર્વ જનોને સઆત્મપ્રેમે ખમાવું છું એટલે ક્ષમા માગું છું. ૐ શાન્તિઃ

## ભલામણ

શાશન રક્ષક, સુરતના નગરશેઠ, શેઠ કેશરીચંદ કલ્યાણચંદ ઝવેરી, શેઠ ફકીરચંદ નગીનચંદ, કપુરચંદ ઝવેરી, શેઠ દલીચંદવીરચંદ, શેઠ નેમચંદનાથા, શેઠ લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી. શેઠ નગીનચંદ જીવનજી, આદિ સુરત તથા સુરત જીલ્લાના જૈન સમાજને આ પત્રિકાના અક્ષરે અક્ષર વાંચવા માટે ભારપૂર્વક ભલામણ છે.

## જૈનરિદ્ધિ ભેટ

આ પુસ્તક જેને જોઇએ તેઓએ પોતાના ચોક્કસ ઠેકાણા સહિત આનાની પોષ્ટ ટીકીટ લેખક પર મોકલવાથી ભેટ મળશે.–

દઃ **લેખકઃ–**

લે. પ્ર. પ્રસિદ્ધવકતા શ્રી મનોહરમુનિજી મહારાજ

# ભૂતાત્માને ઉપદેશ

૧ ભૂતાત્મા–પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ —એ ભૂતોમાં વાસીત આત્માને ભૂતાત્મા કહે છે. પંચભૂતોનો સ્વભાવ ઓળખાવાનો છે. તેથી ભૂતોની સોબતને લીધે તે આત્મા અમુક યુક્તિએ ઓળખાય છે.

૨ ઓળખાવું તે માપ છે. માપ તે સ્ખલિત વ્યહાર છે, સ્ખલિત વ્યતહાર તે વિકાર છે, વિકાર તે વિકલ્પના છે, વિકલ્પના તે અજ્ઞાન છે. અજ્ઞાન તે અંધકાર છે. અંધકાર તેજ અંધાપો, અંધાપો તે દુઃખ છે. દુઃખ તેજ ભૂખ અને ભૂખ તેજ કાળ છે.

૩ એટલે ભૂતાત્મા કાળને તાબે છે. આત્મ સ્વભાવમાં ચોખ્ખો સ્વતંત્ર નથી, એથી હે ભૂતાત્મ શિષ્ય! તારા અનામાંત્ આત્મ ગુરૂને સ્તુતિથી અમાવ. જે સંબંધ સ્વતંત્રતાના મલિન સુખોમાં–હું ભાવે મગ્ન થયો છું. તે તદન અવિનય કર્યો છે.

૪ અરે! એ મલિન સુખોમાંજ ભૂખ છે. ભૂખ તે આધિ, વ્યાધ છે, આધિ, વ્યાધિ તે ઉપાધી છે અને ઉપાધી તેજ દુઃખ છે. એટલે સુખ એજ દુઃખ અને દુઃખ એજ સુખ છે. આ અનિત્ય સુખ દુઃખ તે સંસાર. સંસાર તે સ્ખલિત વહેવાર, સ્ખલિત વહેવાર તેજ જાળ, અને જાળ તેજ કાળ છે.

૫ કાળ ત્યાં નાશ, નાશ તેનું નામ, અને નામ તેનો નાશ, એ કાળની જાળ છે.

૬ આવા નાશવંત–વિકલ્પ સુખ દુઃખ–કાળની જાળમાં અનાદિથી વંચિત થઇ, આત્મા સપડાયો છે. તેથી ભૂતાત્મા છે.

૭ એવા સપડાયલા ભૂતાત્માને પુણ્ય પાપની કડીથી કેદ કર્યો છે. અને મોહનિશામાં મૂઢ બનાવ્યો છે. તે મોહ કેફની લહેરના તરંગમાં અનેક આશાઓ સાથે ખૂબજ અફળાયો અને અફળાય છે, તેમ તેમ વિભાવમાં જાય છે, અને લક્ષ ચોરાશીની તમામ રાશીનો શુભાશુભ બેસીતમ જૂલ્મ માર ખાય છે. છેવટ કાળને તાબે થાય છે.

૮ એટલે–પંચભૂતમાં આવે છે ને ફરી તેમાં જાય છે. હરખાય છે, અને પસ્તાય છે. એ પુણ્ય પાપની બેડી કેદ કર્યો કહેવાય છે, અને એ કડી બંધે બંધાય છે. તે મૂઢતાનાજ સૃષ્ટિ સંબંધ થાય છે. **'તેજ પ્રારબ્ધ કહેવાય છે.'**

૯ (ગુરૂ ઉદ્દગાર) **'એથી આત્મા શું કમાય છે?'** ઉલટો નિજ સ્વભાવથી વિભાવમાં જાય છે, અને નફાને બદલે મુદ્દલમાં એ ગેબી ખોટ ખાય છે- (હજી સાંભળ)

૧૦ એવી ખોટ ખાય છે તેજ દેવાદાર થાય છે. અને ઇજત માટે અનેક જાળ પ્રપંચો રચાય છે. તે રચતાં–માન, માયા, લોભ, ક્રોધ આદિ બધા આત્મશત્રુ આવી હાજર થાય છે. કાંઇ રહેલું તે પણ લુંટી જાય છે.

૧૧ (રડતી આંખે શિષ્ય સ્તુતિ) તહત્તિ–એથીજ નિશ્ચય વ્યવ્હારથી ખાલીખમ થાય છે, પાછો ભરાય છે. એજ અવિદ્યા કહેવાય છે. અને અવિદ્યાનો અર્થ વિભાવ થાય છે અથવા પરભાવ થાય છે અને ગીતા પોકારી **પરાશ્રય પાપ બોલે છે.**

૧૨ અને એવી નાદાનીથી ખોટો નિરાધાર બની નાદાર અર્જદાર થાય છે તે ખોટા નિરાધાર ના ઇન્સાફમાં જેના પરમાણુનો અસંખ્યાતમો ભાગ સુંઘતાં સ્થૂલનાએ–ભવભાન ભૂલાય–તેવા પદાર્થોથી તરબોલ અગાધ નરક નિગોદની સજામાં સજાદાર થાય છે.

૧૩. અને ચીકણામાં ચીકણાં પહાડનાં પરમાણું ન્યાયે ન સમજી શકાય તેવા કોઇક

સમયે છુટો થાય છે. ને ઘણા જ નિજબળે શુદ્ધ સમાધિના લક્ષે અથ–ક્રમ કરી મનુષ્ય પંચેદ્રી પામે છે. છતાં ઇતિ એટલે સમાપ્તીથી અપૂર્ણ રહી સજાદાર નાદાર થાય છે, એટલે કર્તા તે જ ભોકતા ને ભોક્તા તે જ કર્ત્તા થાય છે. આવા મન મેળાના ચકડોળની હવા ખાય છે. '**એમને એમ અનાદિ થાય છે**' મેળાની મઝા ઉડી જતાં હતું તેવું જંગલ દેખાય છે. મેળાની મજાના મોહ માટે પસ્તાય છે. તેમ તેમ કાળની જાળને તાબે થાય છે, અને પેટ ભરી ભરી કર્તા ભોક્તા ભાવે અમાપ જુલ્મી માર ખાય છે.

૧૪. એવી ભૂતાત્મ દશા અકથ્ય અનાદિ અનુભવાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને વર્ણથી જોવાય છે, તેવી જણાય છે, અને તદન સાચું કહેવાય છે અને તેનો ફક્ત કોક જ ભાગ લખાય છે. માટે હે ગુરૂમહારાજ ! અનુભવેલું ન ભૂલાય–એમ ભૂલી જવાય, તેમ આત્મ અનુભવ થાય, સ્વસ્વભાવ જોવાય, જણાય, પરમાત્મ ભાવે પકડાય અને ટુંકામાં સંપુર્ણ પહોંચી વળાય તેવો મુમુક્ષ માર્ગ બતાવો ?

૧૫. નિશ્ચય વ્યવહાર ભાવદયાથી, અસ્ખલિત, ભરપૂર સ્વભાવવાળા અનામાંત્ આત્મગુરૂ, ગુરૂ વિભાવ છોડી–અગુરૂતામય સ્વભાવે બોલ્યા–દ. દ. દ., ઉપશમ, વિવેક, સંવર, શુદ્ધઉપયોગ, શુદ્ધ સમતા, શુભ ધ્યાન, વિશુદ્ધ જ્ઞાન, એથી અકલંક બની અસ્ખલિત, શાશ્વત સ્વભાવ મય પરમાત્મ ભાવ થા–સચ્ચિદાનંદમય શીવસુંદર થા–એટલે તે તેજમાં તેજોમય બની જા. તેથી તેજોમય જોવાય છે, તેજોમય જણાય છે અને તેજોગય સંપુર્ણ પહોંચી વળાય છે.

૧૬. એજ એક દ્રવ્ય થાય છે. તેના અનેક વિશુદ્ધ ગુણ ગણાય છે. તેના એક ગુણના અસંખ્યાતા પર્યાય કહેવાય છે. તે આત્મા ભૂતાત્મા મટી પરમાત્મા થાય છે. અને પરમપદ પરમાત્મા બની જાય છે એમ ઇતિ એટલે સમાપ્તિ કરાય છે.

૧૭. તે અકલંક, અમાપ, અસ્ખલિત વ્યવહાર, અવિકાર, અવિકલ્પ, અનાજ્ઞાન, ઝળઝળાકાર, સર્વ ભાવના તદમય જાણ, આહાર નિહાર રહિત, અકાળ અનાદિ–સાદી અનંત ભાવે સિદ્ધ છે. ૐ શીતળ ! લે. લેખક

---

## —: સુચના :—

ભુતાત્મા એટલે પંચકર્મ તથા પંચજ્ઞાન ઇંદ્રિયો, તથા પંચ પ્રાણથી વિભુષિત સ્થુળદેહ, અને સુક્ષ્મદેહ તથા કારણ દેહથી ઉતરતી પાયરીના સંકલ્પ વિકલ્પાત્મક માનસિક દેહમાં રહેનાર જીવનમાંનો અંશ જીવાત્માનો દેહ તે ધારણ દેહ અને ઉચ્ચ પ્રકારના આદર્શોવાળું મન નિશ્ચયાત્મક બુદ્ધિ, અને અહંકાર વ્યક્તિ તત્વરૂપ આત્મજ્યોતિ એટલે જીવાત્મા એથી પર કેવળ સત્ચિત આનંદરૂપ પરમ તત્વ તે પરમાત્મા.

સ્થુળ ભુતાત્મા, જીવાત્મા અને પરમાત્માને પારખવાનો પ્રયત્ન કરવાનો.–અને ક્રમેક્રમે ભુતાત્માને; જીવાત્માને વશ કરી જીવ શિવનું ઐક્ય સાધવાનું.–એટલે બંધનથી મુક્તિ અને દુઃખની ધ્વની થવાની.–આ વિચાર પરંપરાનું નિત્ય અને નિશીધ્યાન, એજ યોગીઓ અને મુનિઓની સાધના. ઇત્યલમ્ !

લે. જી. જી. દેસાઈ આસીસ્ટંટ કલેક્ટર–ભરૂચ.

લે. પૂ. મણિકરત્ના શ્રી મનોહરમુનિજી મહારાજ

# સમય–સુધાર

વિશ્વના વહેવારથી નિર્વાહ કરનાર, હે પામર પ્રાણી ! ખ્યાલ કર ? ?

ત્રણ વરસપર માલદાર બનવા મેઘની આતુર આશા કરી, મેઘ વર્ષ્યો; ચોગરદમ રેલપાણીના પૂર પથરાયાં,–ક્ષેત્ર–બજાર–હાટ–હવેલી અને તું જ્યાં ઉભો છે ત્યાં–ઉંડો જલાકાર થયો–બળી નથી ગયું, સર્વ સુખ કબજામાં છે, **'છતાં તારો બચાવ છે.'**

અરે નિષ્ફળ ઉપાય ? છેવટ તણાઇ આવતું કાષ્ટ જો ? અને પકડ ! અરે કાષ્ટ કાંટાવાળું છે ?–હિંમત ન હાર ! અમુક દુઃખ કલ્પના મુક ?–કાંટાળું પણ કાષ્ટ પકડી બાઝ ?–જાન ખુવારીથી બચાવશે ? ? અને કોઈ જીવંત આરે ઉતારો ? ?

'આ–ગુણ ગ્રહણ દ્રષ્ટિ ધ્યાન–લે ! અને –સમય સુધાર.' ૐ શીતળ.

### સમય–સુધાર ભા. ૨

લોકાકારના આકારથી વહેપાર કરનાર હે ! પામર પ્રાણી ખ્યાલ કર ? ?

વિશ્વવહેવારની આશાઓથી અથ–ક્રમ અને ઇતિ–એ ત્રીગુણો મહા મેઘ વર્ષિ રહ્યો છે, તારા તમામ કલ્પના તંત્રીપણામાં પૂરપાણી ભરાય છે, –રેલપાણી ઉંડા ન થાય ? તે પહેલા કયો સુવિહિત બચાવશે–તેને–ટેલીફોનથી પણ જલંદ થઇ–જો–જાણ અને પકડ ? અરે પકડતા સુસ્ત થયો ? હજી પણ મત ગભરા ? શોતુ ! કલ્પના નજર મુક ?–ચશમે ખોલ ? વિશ્વલોકોતરનો–નિશંક પ્રેમ (ક્ષાયિકસ) જો–જાણ અને ખૂબ ગુણ દ્રષ્ટિથી પકડ ? ?–શ્રેણિકસમ જાન ખુવારીથી બચીશ ? અને લાભમાં કોઈ જીવંત આરે ઉતરીશ ? ?

અથ એટલે આરંભ; ક્રમ એટલે વિષય, ઇતિ એટલે સમાપ્તિ, જો–જાણ–અને પકડ ? ? આ આરંભ સારંભ છે ? છોડ ! અને ત્રીગુણાત્મક–અખંડ આરંભ–ક્રમ ઇતિમય સત્ ચિદાનંદ થા. 'આ–જીવંત ધર્મનો બ્રહ્મયોગ ધ્યાન લે–સમય સુધાર' ૐ શીતળ.

### – નૂરે ઇશ્કે ઇસ્લામ –

એક ઇનસાન–બહારેબાગ દુનીયાકા જંગલમેં –ફીરતે ફીરતે–કબ્રોમે જાકર આખીર ખુદાકો પૂકારતા–હૈ–અયખુદા...અયખુદા...રહીમકુન.

અકસ્માત–એક મસ્ત આલા હજરત–પીર શાહઝાદેકી–દરગાહસે પરસ્તાની આવાઝ હુવા, જોરસે ઔર ગૌરસે બોલા– "સબુર ! ખુદા ખુદા કયા કરતા હૈ ?–ખુદાકો તો–કતલ કી બી ખબર નહિ હૈ ?" વો તો અપને નુરમે ઇશ્કે ઇસ્લામ હૈ ? ઇધર દેખ ? ખુદા ખોપરીમેં હૈ–ખોલકર દેખ ઔર પૂછ–ઇશ્ક કીસીકો કહેતે હૈ ? ? સુણ ઇશ્કકી ઇમાનીમે હરામી ન હુવે–ઉસકો–ઇશ્ક કહેતે હૈ ? ? વૈસી ઇમાનીમે–ખુદાબ–ખુદાકા નુર સબ હૈ, વહ નુરમે ઇશ્ક હૈ–વો ઇશ્કમે નુર હૈ, યહ ઇશ્કકો ઇશ્કે ઇસ્લામ કહતે હૈ, અય ઇનસાન અપની ઇશ્કે ઇસલામ શરતોકા ખ્યાલ કુન, અપના લીબાઝ દેખ ઔર શોચ, 'ખુદાકે ફરમાન મુતાબીક અપના ઇશ્ક હૈ' (ઇસાન તોબા) તો ખુદા કયા ખ્યાલ કરે ? વો તો અપને નુરકે ઇશ્કવાલોમે ઇશ્ક હૈ, મતલબ– 'રહેમમેં રહીમ હૈ,–રહીમમેં રહેમ હૈ' આખીર ખુદા ઇશ્કમે–ખુદા ઇશ્ક હૈ, બૈમાનીકા કસમ હૈ.

ઇતના બોલકર ગેબી આવાઝ દરગાહમેં ગેબ હુવા, સમજદાર ઇનસા ઇલાહકી નીવાઝમેં ગેબ હુવા, બેસમજનાર તોબામેં મેબ હુવા, ઔરખાબમેં બોલા.

શેયર

કૈદે હસ્તીસે કરે આઝાદ નાદાની મુઝે,
યહ તમંના હૈકે-લે આ ગોસમેપાણી મુઝે. ૧
કહત ગુણીતાનસેન, શુણીએ શાહ અકબર,
ઇશ્ક ઇસ્લામન પીછાના, હાથ પસાર જાયગા. ૨.
નુરે ઇશ્ક ઇસ્લામીઓસે ખ્યાલ મંગતા હું.
યહ મઝબુન કુરાનસે તુંમ હમ કોણ ?
વાલેકમ સલામ. દઃ લેખકઃ—

પદ

( રાગ-સાહેબકા ડંકા જોરૈબજા-અજવાળીયા કમલી વાલેને )
આ ભવબાજી એળે ગઈ, સુપના સમ આ સંસારમાં,
ભવોભવ ભટકી ભોઠ બન્યો રે; મીથ્યા આ સસારમાં, એ ટેક.
રોગ વિયોગ વૈભવવળી રાજી, છેવટ શોક વળી નારાજી,
દિપક પતંગ પરે થયો પાજી, ભુલભુલામણિ બાજી આસંસારમાં—આ ભવ. ૧.
લોહીમાંસને હાડકામાં, ચાંમડી રૂપવાન
સડી જાશે ચામડી જબ, થાઇશ બહું હેરાન આ સંસારમાં —આ ભવ. ૨.
સાસર પીયર આ સૌ રે, નાતજાતનું માન.
પ્રાણ વાયુની કળી જબ જાશે, કરશે તારી કાણ આ સંસારમાં—આ ભવ. ૩.
જેમ કાચની બંગડીને નંદવાતા સીવાર,
તેમ પીડ પડી જશે ભોળા, ધુળ થશે વહેવાર આ સંસારમાં —આ ભવ. ૪.
આસો સુદી સાતમ ગુરૂવાર, ભાલેજ શાંન્તિજીનંદ જયકાર,
નવ પદ તપતપે સંઘ વિધિસાર, મુનિ મનોહર આધાર આ સંસારમાં—
આ ભવ. ૫. ઇતિઃ લે. **લેખક**

—દોહા—

શરદ પુર્ણિમાનો ચંદ્રમા, સૃષ્ટિનો શણુગાર,
તેથી અધિક સિધ્ધચક્રજી, જપો મંત્ર નવકાર ॥ ૧ ॥
ગુન્હો કર્યો મા બાપનો, તોડયો પ્રભુ ઇકરાર,
જૈસી ગઠડી બાંધેગા, તૈસા તુજ મીલનાર ॥ ૨ ॥
ચીત ચાહે ચારગણું કરૂ, પણ કર્મ હઠીલુથાય,
તે તકરારના શોકમાં, આંખો રડતિ જાય ॥ ૩ ॥
પ્રિત બંધ ગઇ નીચશે, પલ્લે બંધ ગઇ કીચ,
શીર કાટ આગે ધરો, પણ વોનીચકો નીચ ॥ ૪ ॥

લે. **લેખક**

[ રચયિતા-પ્ર. શ્રી. મનોહરમુનિજી મહારાજ ]

## નિઃશંક પ્રેમ

( રાગ—નારાયણ જીસકે હીરદેમેં-ઠુમરી )

પ્રેમ હમારા દેશ સુણો ભાઇ, પ્રેમકી પહેરી હમને કફનીઆં,
પ્રેમ શહેરમેં રહતે લહેરમે, પ્રેમ પોળમાં ઘર કરીઆ. પ્રેમ૦

પ્રેમ માતા, પ્રેમ ત્રાતા, પ્રેમ કુળે જનમ ધરીઆ,
પ્રેમકો ખાતે, પ્રેમકો પાતે, પ્રેમ વિવાહ, સિવ સુંદરીઆ. પ્રેમ૦

પ્રેમ હાટણું, પ્રેમ કાટલું, પ્રેમ માલ પ્રેમે ભરીઆ,
પ્રેમકો દેતે, પ્રેમકો લેતે, પ્રેમ નિઃશંક કાંટા કરીઆ. પ્રેમ૦

પ્રેમ શિક્ષા, પ્રેમ દિક્ષા, ક્ષાઇક ( અક્ષય ) પ્રેમે સંચરીઆ,
પ્રેમકી કંમર બાંધી સીકંદર, પ્રેમકી બંધે ડાલી ગઠડીઆ. પ્રેમ૦

પ્રેમ માન, પ્રેમ અપમાન, પ્રેમ સમ, દમ, દઢ વરીઆ,
પ્રેમ દેશે, પ્રેમ વિદેશે, પ્રેમ ઉપસમ ક્રમ કરીઆ. પ્રેમ૦

પ્રેમમાં રહેમ, રહેમમાં પ્રેમ, પ્રેમ ઇલા ઉપમા ચરિઆ,
પ્રેમ ઓઘા, પ્રેમ માંઘા, પ્રેમ વસ્ત્રે વિભુષણીઆ. પ્રેમ૦

પ્રેમ ડંડા, પ્રેમ કમંડા, પ્રેમ ઝર ઝર ઝરમરિઆ,
પ્રેમ સુદ વદ પ્રેમ પરમપદ, પ્રેમ પદારથ અજમરીઆ. પ્રેમ૦

પ્રેમ તે ધ્યાન, પ્રેમ તે જ્ઞાન, પ્રેમ પ્રેમમાં તદ્રુ બનીઆ,
પ્રેમ સુરત પ્રેમ મુરત, પ્રેમ પ્રસાદે મનહરીઆ. પ્રેમ૦

ભરૂચ-વેજલપુર.

## અભિપ્રાય

પ્રસિદ્ધવક્તાશ્રી મનોહર મુનિશ્રીની વિચારશ્રેણી-તર્ક અને અંતઃસ્ફુરણાની ઘોતક છે. ( તદન નિરમલ છે. ) તથા તત્વનો, ધ્યાન અને શાસ્ત્રોના અભ્યાસનો પરિચય સૂચવે છે.

તા. ૨૯-૯-૨૮ }
શનિવાર }

લે૦ ગુણવંતરાય દેસાઇ
આસિસ્ટંટ કલેક્ટર ભરૂચ
ડીવીઝન અંકલેશ્વર વિભાગ

## સુબોધ પદ

નીંદામ કરશો કોયની પારકીજી,
નીંદાના બોલ્યાં મહા પાપરે
વૈર વિરોધ વાધે ઘણોરે
નીંદા કરતાં ન ગણે માય બાપરે—નીંદામ કરશો૦ ૧

ડુંગર બળંતી કાં દેખો તુમેરે
પગમાં બળતી દેખો સહુ કોઇરે
પરના મહેલ્લામાં ધોયાં લુગડાંજી
કહો કેમ ઉજળા હોયરે —નીંદામ કરશો૦ ૨

આપ સંભાળો સહુકો આપણોજી
નીંદાની મૂકો પરી ટેવરે
થોડા ઘણા અવગુણે સહુ ભર્યાંજી
કેઇનાં નળીઆં ચુવે ને કોઇનાં નેવરે—નીંદામ કરશો૦ ૩

નીંદા કરે તે થાય નારકીજી
તપ જપ કીધું સહુ જાયરે
નીંદા કરો તો કરજો આપણીજી
જેમ છુટક બારો થાયરે —નીંદામ કરશો૦ ૪

ગુણ ગ્રહજો સહુ કો તણાજી
જેમાં દેખો એક વિચારરે
કૃષ્ણ પરે સુખ પામશોજી
સમય સુંદર સુખકારરે —નીંદામ કરશો૦ ૫

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઉમરેઠ ભટવાડી પોળની પાસે આવેલા સરસ્વતી પ્રીંટીંગ પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપ્યું અને પ્ર. શ્રી. મનોહરમુનિજી મહારાજે આલેજમાંથી પ્રગટ કર્યું.